## ડાયરેક્ટ ❤ સે

કોઈનાથી
એટલું જ રિસાવું
કે એને તમારી કમી
મહેસૂસ થાય,
એ તમારા વિના
જીવતાં શીખી જાય
એટલું નહીં

## જન્મદિને વધામણી



**મીનાક્ષી જયસિંઘાની**
પ્રમુખ, લાયોનેસ ક્લબ ઓફ ગાંધીનગર
મો. ૯૧૭૩૫ ૩૫૯૪૮



**જીગર બી ગજ્જર**
મો. ૯૮૨૪૩ ૨૩૫૧૫



**કલ્પનાબેન**



**દેવ**

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

### કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા

# ૩૩મો સર્વ નેતૃત્ત્વ તાલીમ શિબિર યોજાયો







યુવા વિદ્યાર્થીઓનાં જીવન ઘડતર અને ચારિત્ર્ય નિર્માણ હેતુથી કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા સર્વ નેતૃત્વ-૩૩મી નિવાસી તાલીમ શિબિર સર્વ વિદ્યાલય કેમ્પસ, કડી ખાતે યોજાઈ, જેમા ગાંધીનગર અને કડી કેમ્પસ સ્થિત જુદી જુદી ૧૩ કોલેજોના કુલ ૬૫ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

સમગ્ર કાર્યક્રમ દરમિયાન શહેરના જાણીતા મોટીવેશનલ ટ્રેનર અને યોગાચાર્ય જે. સી. પટેલ ઉપસ્થિત રહી શિક્ષણ, કૌશલ્ય, સ્વાસ્થ અને સંસ્કારની થીમ પર વિવિધ વિષયો જેમકે ઈમોશનલ મેનેજમેન્ટ, રિલેશનશીપ મેનેજમેન્ટ, હેલ્થ મેનેજમેન્ટ, ઈન્ટર પર્સોનલ સ્કીલ, સ્ટ્રેસ મેનેજમેન્ટ, ટાઈમ મેનેજમેન્ટ, માઈન્ડ પાવર અને પોતાના જીવનના અનુભવોની રસપૂર્વક વાત કરી વિદ્યાર્થીઓને નેતૃત્વની તાલીમ આપી હતી. કાર્યક્રમમાં વધુ વાત કરતા તેમણે જણાવ્યું હતુ કે માનવશરીર એ ઈશ્વર દ્વારા મનુષ્યને આપવામાં આવેલ સર્વોત્તમ ભેટ છે, જેનું જતન અને કાળજી લેવાની દરેકની ફરજ છે. સારા સ્વાસ્થ અને લાંબા આયુષ્ય માટે દરરોજ વ્યાયામ, યોગ અને પ્રાણાયામ કરવાની સલાહ તેમના દ્વારા અપાઈ હતી. સ્વ-પ્રેમ થી રાષ્ટ્ર-પ્રેમ સુધીની વાત કરી સંબંધોનું મહત્વ સમજાવ્યું હતું અને આવનાર સમયનો સદુપયોગ કરી સારા સંસ્કારો અને શિક્ષણ થકી સમાજ ઉપયોગી થવા સંકલ્પ તેમણે વિદ્યાર્થીઓને લેવડાવ્યા હતા. ગેસ્ટ સ્પીકર તરીકે નિષ્ઠાબેન ઠાકર ઉપસ્થિત રહ્યા હતા જેઓ બાળપણથી જ મસ્ક્યુલર દિસ્ત્રોફીનાં (Muscular Dystrophy) પીડિત છે, પોતે દિવ્યાંગ હોવા છતાં સમગ્ર ભારતમાં તેમના જેવા લોકો માટે યુથ એમ્પાવરમેન્ટ કાર્યક્રમ થકી અનેકના જીવનમાં ખુશીઓ અને ઉજાસ લાવવાનું ભગીરથ કાર્ય કરે છે કે જેઓ વિદ્યાર્થીઓ માટે પ્રેરણાદાયી ઉદાહરણ બન્યા હતા.

પૂર્વ તાલીમાર્થી રોનક કડિયા અને મનન પટેલ દ્વારા "હેલ્થી કેમ્પસ" "અને રાઈટ ટૂ ફૂડ " પ્રોજેક્ટની રજૂઆત કરી, માનવ કલ્યાણનાં ભગીરથ કાર્યમાં જોડવા વિદ્યાર્થીઓને આહવાન કરાયું હતું. કાર્યક્રમ દરમિયાન પૂર્વ તાલીમાર્થી સુરજ મુંજાણી દ્વારા "આઈ કેન" પ્રોજેક્ટ પર ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ મોમેન્ટો આપી સન્માનિત કરાયા હતા. તાલીમના છેલ્લા દિવસે તાલીમાર્થીઓને મંથન અપંગ કન્યા સેવા સંકુલની મુલાકતે લઈ જવામાં આવ્યા હતા. નિવાસી શિબિરના અંતે સમાપન સમારંભમાં કડી સર્વ વિશ્વવિદ્યાલયના ચેરમેન વલ્લભભાઈ પટેલે ઉપસ્થિત રહી સેવાનું મહત્વ સમજાવી પ્રેરણા આપી, વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. સમગ્ર શિબિરનું સંચાલન અને આયોજન ડો. ધર્મેન્દ્રભાઈ પટેલ અને સહાયક તરીકે હિતેશ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થી વોલન્ટીયર તરીકે વિજેન્દ્ર દેવડા, પટેલ પાર્થ, મનન પટેલ અને કૌશિક કલાલ દ્વારા પ્રસંશનીય કામગીરી કરવામાં આવી હતી.

# એસ જી - એસ વી સ્કૂલ દ્વારા નાતાલ પર્વની ઉજવણી કરાઈ



એસ જી - એસ વી અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળા દ્વારા નાતાલ પર્વની ઉજવણી શુક્રવારે હાથ ધરવામાં આવી હતી. ઉજવણી અંતર્ગત વિદ્યાર્થીઓએ ઈસુના જીવન આધારિત નાટક અને સુંદર ડાન્સની પ્રસ્તુતિ કરી હતી. સ્કૂલના દરેક વર્ગમાં કેક કાપીને આ પર્વની ઉજવણીક રવામાં આવી હતી. વિદ્યાર્થીઓ ઉપરાંત શિક્ષકોએ પણ આ ઉજવણીમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

### કામધેનુ યુનિવર્સિટી દ્વારા

# વન્ય પ્રાણી સંરક્ષણ અંગે સેમિનાર યોજાયો





કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા એક દિવસીય ટેકનીકલ સેમીનાર "રોલ ઓફ વેટેરીનરિયન્સ ઈન કન્ઝર્વેશન ઓફ વાઈલ્ડ એનિમલ્સ: ઈથીક્સ, ટેકટીક્સ એન્ડ ટેકનીક્સ" વિષય પર આયોજન કરવામાં આવેલ. આ કાર્યક્રમનું ઉદઘાટન કામધેનુ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડો. પી. એચ. વાટલીયા ના વરદ હસ્તે કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથી તરીકે અગ્ર મુખ્ય વન સંરક્ષક જી. કે. સિન્હા ઉપસ્થિત રહેલ. ઉપરાંત અતિથી વિશેષ તરીકે આઈ.કે. બારડ (ના.વ.સં., બનાસકાંઠા) અને અતુલ અમીન (ના.વ.સં., ગાંધીનગર) હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રીએ વન્યપ્રાણીઓની સારવાર, રાહત અને બચાવ કાર્યકર્તાઓ, પોસ્ટ-મોર્ટમ અને ફોરેન્સિક અંગેની કામગીરીમાં પશુચિકિત્સકોના મહત્વ અને યોગદાન પર ભાર મુકેલ. ત્યારબાદ કામધેનુ યુનિવર્સિટીના કુલપતિશ્રી અને કાર્યક્રમના અધ્યક્ષે પશુચિકિત્સા અને પશુપાલનના અભ્યાસક્રમમાં વાઈલ્ડ લાઈફનો વિગતવાર અભ્યાસક્રમ સામેલ હોવા ઉપર ભાર મૂક્યો હતો. તદઉપરાંત તેમણે વન્યપ્રાણીઓના સંવર્ધન અને સંરક્ષણમાં જનીન વિદ્યાનું મહત્વ અને વન્યપ્રાણી બચાવની કામગીરીમાં ઉભરતા પશુચિકિત્સકોને ઉજળી તકો મળી છે તેમ જણાવ્યું હતું. તેઓએ પશુચિકિત્સા નિષ્ણાતો, વન વિભાગ અને ફોરેન્સિક સાયન્સના નિષ્ણાતોના સહયોગથી વન્ય પ્રાણી સંરક્ષકની સુદ્દઢ વ્યવસ્થા ગોઠવી સકાય તેમ જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં વેટરનરી કોલેજના અનુસ્નાતક વિદ્યાર્થીઓ, મદદનીશ પ્રાધ્યાપકો, રાહત અને બચાવ કાર્યકર્તાઓ અને બહોળી સંખ્યામાં વન્યપ્રાણી પ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા. વન્યપ્રાણીઓના સંરક્ષણ માટેના વિવિધ પાસાઓ અંગેની વિસ્તૃત ચર્ચા જીગર ઉપાધ્યાય (IUCN.Crocodile Specialist, Member), ધવલ વારગીયા (Wildlife Researcher, Rajkot), વિવેક શ્રીવાસ્તવ (ડીન, ફીશરીઝ ફેકલ્ટી) અને કાર્યક્રમના આયોજક સચિવ ડો. સી.એમ. ભાડેસીયા દ્વારા ડો. એસ. બી. દેશપાંડે (ડીન, વેટરનરી)ના માર્ગદર્શનમાં કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ દરમ્યાન થયેલ પ્રશ્નોતરીમાં ભાગ લેનાર તમામ લોકોને તજજ્ઞો દ્વારા સકારાત્મક પ્રતિભાવ આપવા સાથે વન્યપ્રાણીઓના સંરક્ષણમાં પશુચિકિત્સકોના મહત્વ અંગે માહિતગાર કર્યા હતા.

# માઉન્ટ કાર્મેલ શાળા દ્વારા "જોય ઓફ ગિવિંગ" કાર્યક્રમ







સેકટર-૨૧ સ્થિત, માઉન્ટ કાર્મેલ શાળામાં તા.૧૬ ડિસેમ્બર થી તા.૨૦ ડિસેમ્બર, ૨૦૧૭ દરમિયાન "જોય ઓફ ગિવિંગ" અઠવાડિયાની ઉજવણી કરવામાં આવી હતી. જેનાં અનુસંધાનમાં વિદ્યાર્થીઓએ ઘંઉ, ચોખા, સાબુ, ગરમ કપડાં, બ્લેન્કેટ, સ્ટેશનરીનો સામાન જેવી વસ્તુઓ એકત્ર કરી હતી. ગાંધીનગર શહેરમાં તથ આસપાસના ગામડાંમાં જરૂરિયાતમંદો, અનાથાલય, વૃધ્ધાશ્રમમાં વિતરણ કરવામાં આવ્યું. આ ઉજવણી કરવાનો હેતુ વિદ્યાર્થીઓમાં સમાજસેવાના ગુણનો વિકાસ થાય સાથે સાથે ભવિષ્યના એક જવાબદાર નાગરિક તરીકે સામાજિક મૂલ્યો, સેવાભાવનાની જાગૃતતા આવે તે હતો. શાળાના શિક્ષકોના પ્રોત્સાહન તથા વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓની મદદ થી આ ઉજવણી સફળતાપૂર્વક રહી.

# લાયન્સ - લીયો ક્લબ દ્વારા 'એનજોય એક્ઝામ' કાર્યક્રમ યોજાયો

## કિશોર ક્લાસિસ ખાતે આયોજિત કાર્યક્રમમાં ધોરણ-૧૦ના ૪૦૦ ઉપરાંતના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો









લાયન્સ ક્લબ અને લીયો ક્લબ ઓફ ગાંધીનગર તેમજ કિશોર ક્લાસીસના સંયુક્ત ઉપક્રમે કિશોર ક્લાસીસ ખાતે 'એનજોય એક્ઝામ' કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો, જેમાં ધોરણ-૧૦ના ૪૦૦ ઉપરાંત વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આજના યુગમાં પરીક્ષા એ સામાન્ય અને જરૂરી બાબત છે અને તેનાથી વિદ્યાર્થીઓએ ડરવાની જરૂર નથી પરંતુ પરીક્ષાનો આનંદ ઊઠાવવાની જરૂર છે એવો સંદેશ મોટીવેશનલ સ્પીકર પ્રિયંકા જૈન રાવલે વિદ્યાર્થીઓને આપી તેમનામાં અભિપ્રેરણનો સંચાર કર્યો હતો.

પ્રવચનની શરૂઆતમાં સ્પીકરે વિદ્યાર્થીઓને તેમનાં મગજમાંથી 'નો' શબ્દ કાઢી નાખવા જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે દરેક વ્યક્તિ બધું જ કરી શકે છે. વિદ્યાર્થી જ્યારે નવું શીખી રહ્યા હોય કે અભ્યાસ કરી રહ્યા હોય ત્યારે તેમણે બરાબર સાંભળવું અને નિરીક્ષણ કરવું જોઈએ તથા ઘરે જઈ તેનું રિપીટેશન અને સરખાં જોડે તેની ચર્ચા પણ કરવી જોઈએ, જેનાથી અભ્યાસ મજબૂત બને છે અને બધું યાદ રહે છે એવી ટીપ્સ તેમણે વિદ્યાર્થીઓને આપી હતી. કોન્ફીડન્સ એ વિદ્યાર્થીઓનો વિશ્વસ્ત મિત્ર છે એવી શીખ તેમણે વિદ્યાર્થીઓને આપી હતી અને ડર નહીં, પરંતુ કોન્ફીડન્સના સંગાથે પરીક્ષા આપી જ્વલંત વિજય પ્રાપ્ત કરવાની શુભકામનાઓ આપી હતી.

લાયન્સ ક્લબ ઑફ ગાંધીનગરના પ્રમુખ નયન મધુકર, વાઈસ પ્રેસિડેન્ટ ઉમંગ પંડ્યા, નટુભાઈ સોલંકી, પલ્લવીબેન ગુપ્તે, લીયો પ્રમુખ મૌલિક પ્રજાપતિ, વાઈસ પ્રેસિડેન્ટ રિકીન આચાર્ય, મહર્ષિએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે લાયન સભ્ય અને લીઓ મલ્ટીપલ પીઆરઓ સંકેત ગોર દ્વારા ભારે જહેમત ઊઠાવવામાં આવી હતી.